# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી - તાપી

## ધોરણ – ૯

## વિષય- સામાજિક વિજ્ઞાન

## પ્રકરણ-૯

# મૂળભૂત હકો, મૂળભૂત ફરજો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો


- તૈયાર કરનાર શિક્ષકશ્રીઓ

  ૧, પટેલ ઈન્દુબેન ડી. – જ્ઞાનદીપ માધ્યમિક શાળા, ધજાંબા

  ૨,ગામીત ભાનુબેન સી. – દક્ષિણાપથ વિદ્યાલય- વ્યારા

  ૩, ગામીત તેજનાબેન સી. – જીવન જ્યોત સ્કૂલ, બરડીપાડા

- ટાઈપિંગ કરનાર

  પટેલ સંજયકુમાર રમણભાઈ- સરકારી માધ્યમિક શાળા, શિશોર



<u>પ્રેરણા સ્ત્રોત</u>

જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી

શ્રી બી.એમ.પટેલ સાહેબ

જિ.- તાપી

# પ્રકરણ-૯ મૂળભૂત હકો, મૂળભૂત ફરજો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

**માનવ હકો - માનવ અધિકારો (Human right ) :-**

- વ્યક્તિત્વના સર્વતોમુખી વિકાસ સાધવામાં મદદરૂપ
- વ્યક્તિ કોઈ પણ જાતના ભેદભાવ વગર હકો ભોગવી શકે છે.
- વ્યક્તિનો મનુષ્ય તરીકેનો જન્મ થતાની સાથે જ પાયાના હકોનો હકદાર બને છે તેને માનવ હકો કહેવાય છે.
- સંયુક્ત રાષ્ટ્રોની મહાસભાએ (યુ.એન) તારીખ 10 ડિસેમ્બર 1998ના દિવસને માનવ અધિકારો જાહેર કર્યા હતા.
- 10 ડિસેમ્બરને દર વર્ષે " માનવ અધિકાર દિવસ" તરીકે ઉજવવામાં આવે છે
- માનવ હકો પૈકી અત્યંત મહત્વના હકોનો આપણે ત્યાં સ્વીકાર કરવામાં આવ્યો અને તેમના રક્ષણની ખાતરી આપવામાં આવી અને બંધારણમાં ગૌરવભર્યું સ્થાન આપવામાં આવ્યું છે.
- કાયદાકીય પીઠબળ આપીને બંધારણમાં સમાવ્યા તેથી મૂળભૂત હકો કહેવામા આવે છે.
- મનુષ્યનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે ન્યૂનતમ જરૂરિયાતો તેને ગૌરવપૂર્ણ પ્રાપ્ત થઈ શકે છે

## ❖ મૂળભૂત હકો :-

**મૂળભૂત હકો કુલ છ છે.**

૧, સમાનતાનો હક

૨, સ્વતંત્રતાનો હક

૩, શોષણ સામે રક્ષણનો હક

૪,ધાર્મિક સ્વાતંત્ર્યનો હક

૫, સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક

૬, બંધારણીય ઈલાજોનો હક

**૧,સમાનતાનો હક :-**

- કાયદા અમલ સમક્ષ સમાનતા અને કાયદાનું સમાન રક્ષણ, આ બે ખ્યાલોનો સમાવેશ થાય છે.
- વ્યક્તિઓ વચ્ચે જ્ઞાતિ, જાતિ, લિંગ, જન્મ સ્થાન, આવક કે શિક્ષણમાં ભેદભાવ રાખવામા આવશે નહીં.
- સમાન સંજોગોમાં કાયદાનો વ્યવહાર સમાન. દા.ત. વડાપ્રધાન થી પટાવાળા સુધી સમાન.
- નાગરિકોને દુકાનો, નાસ્તાગૃહો, હોટલો, જાહેર મનોરંજનના સ્થળોએ પ્રવેશ મેળવવાનો, જાહેર સ્થળોનો ઉપયોગ કરવાનો, જાહેર રસ્તાઓ તળાવો કે કૂવાઓનો વપરાશ કરવાની તમામને એક સરખી સમાન તક.
- સમાજની અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિઓ તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ઉન્નતિ માટે રાજ્યને ખાસ જોગવાઈ કરતાં રોકશે નહીં.
- આ વર્ગો માટે સરકારી નોકરીઓમાં અને ઉચ્ચ અભ્યાસક્રમોમાં અનામત બેઠક.
- અસ્પૃશ્યતાની નાબૂદી, આચરણ પર પ્રતિબંધ અને શિક્ષાપાત્ર ગુનો.
- કૃત્રિમ ભેદભાવો ઊભા કરતાં ઈલકાબો અને ખિતાબો દૂર કરવામાં આવે.
- સમાન કામ અને સમાન વેતનનો સિદ્ધાંત

**૨, સ્વતંત્રતાનો હક :-**

આ હકમાં છ પ્રકારની સ્વતંત્રતા આપવામાં આવી છે.

૧, વિચાર, વાણી અને લેખનની સ્વતંત્રતા.

૨, શાંતિ પૂર્વક,શસ્ત્રો વિના એકઠા થવાની અને સભા ભરવાની સ્વતંત્રતા.

૩, મંડળો, સંસ્થાઓ અને સંઘો સ્થાપવાની સ્વતંત્રતા.

૪, ભારતના સમગ્ર ક્ષેત્રમાં મુક્તપણે હરવા ફરવાની સ્વતંત્રતા.

૫, ભારતના સમગ્ર ક્ષેત્રના ( જમ્મુ કશ્મીર સિવાય) કોઈ પણ ભાગમાં રેહવાની અને સ્થાયી થવાની સ્વતંત્રતા.

૬, કોઈ પણ વ્યવસાયં, કામકાજ, વેપાર ધંધો અને રોજગારની સ્વતંત્રતા.

- ૨૦૦૯ માં થયેલા બંધારણના સુધારા મુજબ 6 થી 14 વર્ષની ઉમર સુધીના તમામ બાળકોને નિઃ શુલ્ક (મફત )અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ મેળવવાનો મૂળભૂત અધિકાર
- એકના એક ગુના માટે એક થી વધુ વખત વ્યક્તિને સજા થઈ શકતી નથી.
- ધારાશાસ્ત્રી ( વકિલ )ની સલાહ લેવાના અને બચાવ કરવાના તેના અધિકારનો ઇનકાર કરી શકાશે નહીં.
- વ્યક્તિને તેની ધરપકડ કર્યાના 24 કલાકમાં સૌથી નજીકના મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવશે. કસ્ટડીમાં રાખી શકાશે નહીં.
- નિવારણ અટકાયત ( પ્રતિબંધિત અટકાયત)
- વ્યક્તિ તરફથી કોઈ ગુનાહિત કૃત્ય કે પ્રવૃત્તિ થવાની સંભાવના છે તો સાવચેતીના પગલાં તરીકે તેને નિવારક, અટકાયત ધારા હેઠળ ધરપકડ કરી શકાય.
- કાયદા હેઠળ અટકાયતીને ત્રણ માસ કરતાં વધુ સમય માટે અટકાયતમાં રાખવાની સત્તા મળતી નથી.

**૩, શોષણ સામે રક્ષણનો હક :-**

- શોષણવિહીન સમાજની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ્ય.
- મનુષ્યનો વેપાર, વેઠ પ્રથા, દાસત્વ, બરજબરીથી કરાવાની મજૂરી વગેરે શિક્ષાપાત્ર ગુનો ગણાય છે.
- 14 વર્ષથી નીચેની ઉમરના કોઈ પણ બાળકને કોઈ કારખાના, ખાણ કે જોખમી વ્યવસાય બાંધકામ, ગેરેજ, હોટલ કે લારી ગલ્લા કે ઘર નોકર તરીકે કામમાં રાખી શકાશે નહિ.
- બાળમજૂરી નાબૂદી કાનૂન હેઠળ શિક્ષાપાત્ર ગુનો.

**૪, ધાર્મિક સ્વાતંત્ર્યનો હક :-**

- પોતાને મનપસંદ ધર્મ પાળવાનો, તેનું પાલન કરવાનો તેનો પ્રચાર પ્રસાર કરવાનો સમાન અધિકાર બંધારણે ઘડ્યો છે.
- ધાર્મિક ક્રિયાકાંડો, પ્રાર્થના કે પૂજા કરવાની સ્વતંત્રતા.
- નાગરિકને ધર્મ પરીવર્તન કરવાની સ્વતંત્રતા.
- નાગરિક પોતાના ધર્મ પ્રચાર માટે સંસ્થા સ્થાપી શકે છે,
- ધાર્મિક સંસ્થાઓ મિલકત ધરાવી શકે છે.

૫, સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક:-

- ભારતના કોઈ પણ નાગરિક ને પોતાના ભાષા, બોલી, લિપિ, સંસ્કૃતિ, પ્રણાલિકાઓ આદર્શો, મુલ્યો જાળવી રાખવાની અને વિકાસ કરવાની સ્વતંત્રતા.
- રાજ્યની ગ્રાન્ટ પર નિર્ભર હોય તેવી કોઈ પણ શિક્ષણ સંસ્થાઓમા કોઈ પણ નાગરિક ને ભાષા ધર્મ કે સંસ્કૃતિને કારણે પ્રવેશ આપવાનો ઈનકાર થઈ શકતો નથી.
- નાગરિકને પોતાનો વિકાસ સાધવા કલા શિક્ષણ, સાહિત્ય, વગેરે પ્રવૃત્તિ કરવાની સ્વતંત્રતા.
- લઘુમતી કોમો ભાષાકીય અને ધાર્મિક દ્રષ્ટિએ પોતાની શિક્ષણ સંસ્થાઓ સ્થાપી શકે છે,
- શૈક્ષણિક સંસ્થાઓના સંદર્ભે મહત્વપૂર્ણ જોગવાઇઓ બંધારણમાં કરવામાં આવી છે,
- દેશની સાંસ્કૃતિક વારસાની જાળવણીએ રાજ્યની ફરજ બને છે.

૬, બંધારણીય ઈલાજોનો હક :-

- બંધારણે દરેક નાગરિકને મૂળભૂત હકોના અમલની ખાતરી આપતો બંધારણીય ઈલાજોનો હક આપ્યો છે.
- કોઈપણ મૂળભૂત હકનું પાલન ન થતું હોય કે તેનો ભંગ થતો હોય તો એ હક ના રક્ષણ માટે વડી અદાલત કે સર્વોચ્ચ અદાલતમા ન્યાય માંગી શકે.
- અદાલતનો હાજર હુકમ, મનાઈ હુકમ વગેરે આદેશો બહાર પાડવાની સત્તા આપવામાં આવીઓ છે.
- અદાલત પાસે આવેલી મૂળભૂત હકના ભંગ બદલ ફરિયાદ સાંભરીને નાગરિકને ન્યાય આપવો એ ફરજ બને છે.
- નાગરિકને મૂળભૂત હકોના ભંગ બદલ અદાલતોમાં જવાનો અને એ હકોનું રક્ષણ મેળવવાનો અધિકાર આપ્યો છે.
- ડો.બાબા સાહેબ આંબેડકરના મત મુજબ બંધારણીય ઈલાજો સંબધિત જોગવાઈ સમગ્ર **"બંધારણના આત્મા સમાન"** છે,
- દેશમાં કટોકટીની પરિસ્થિતી જાહેર કરવામાં આવી હોય ત્યારે આ હકોનો અમલ મોકૂફ રાખી શકાય છે.

## ❖ મૂળભૂત ફરજો :-

- 1976માં બંધારણમાં મૂળભૂત ફરજોનો સુધારો કરવામાં આવ્યો છે.
- બંધારણનું પાલન કરવું અને રાષ્ટ્રને વફાદાર રહેવું.
- બંધારણમાં વ્યક્ત થયેલા આદર્શો, સંસ્થાઓ, રાષ્ટ્રગાન અને રાષ્ટ્રધ્વજનો અમલ કરવો.
- સ્વાતંત્ર્ય સંગ્રામના ઉદ્દાત વિચારો અને પ્રેરણાદાયીઆદર્શોનો આદર કરવો.
- ભારતના સાર્વભૌમત્વ એકતા, અખંડિતતાનું સમર્થન કરવું અને તેનું રક્ષણ કરવું.
- દેશનું રક્ષણ અને રાષ્ટ્રની સેવા માટે તત્પર રહેવું અને ઉત્સાહભેર જોડાવવું.
- ભારતના બધા લોકો વચ્ચે ભાઈચારાની ભાવનામાં વૃદ્ધિ કરવી
- સ્ત્રીઓના ગૌરવને હાનિ પહોચાડનારા વ્યવહારોનો ત્યાગ કરવો,
- રાષ્ટ્રના સમૃદ્ધ અને સમન્વિત સાંસ્કૃતિક વારસાનું જતન કરવું.
- જંગલો, સરોવરો, નદીઓ, વન્ય જીવો સહિત કુદરતી પર્યાવરણનું રક્ષણ કરવું તથા સજીવ પ્રત્યે અનુકંપા ( દયા) રાખવી.
- વૈજ્ઞાનિક અભિગમ માનવવાદ અને શોધવૃત્તિનો વિકાસ કરવો
- જાહેર માલમિલકતનું રક્ષણ કરવું અને હિંસાનો ત્યાગ કરવો.
- વ્યક્તિગત અને સામૂહિક પુરુષાર્થના ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટતા સિદ્ધ કરવા સતત પ્રયત્નશીલ રહેવું. જેથી રાષ્ટ્ર પ્રગતિ અને સિદ્ધિના સોપાનો ઉત્તરોત્તર સર કરતું રહે.

- મફત, ફરજિયાત અને સાર્વત્રિક રીતે શિક્ષણ પોતાના પાલ્યને ( બાળકને) આપવું એ માતાપિતાની ફરજ બને છે.
- ભારતમાં 6 જાન્યુયારીને **" મૂળભૂત ફરજ દિન"** તરીકે ઉજવવાનું નક્કી થયું.

## રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો :-

- વર્તમાન અને ભાવિ કેન્દ્ર અને રાજ્ય સરકારોને જુદા જુદા નીતિવિષયક ક્ષેત્રોમાં કઈ કઈ નીતિઓ ઘડવી એ સંબંધિત માર્ગદર્શન આપવાનો છે. આ સિદ્ધાંતો માર્ગદર્શક છે

**હેતુઓ :-**

- તમામને રાજકીય,સામાજિક તેમજ આર્થિક ન્યાય મળી રહે તેવી સમાજ રચનાની સ્થાપના કરવાનો છે.
- રાજ્યની નીતિ ઘડતરમાં દિશા સૂચન આપવાનો છે.
- ડૉ. બાબા સાહેબ આંબેડકરે તેનું મહત્વ દર્શાવતા તેને દેશના શાસનના તેઓ પાયા રૂપ સિદ્ધાંતો છે.
- સામાજિક અને આર્થિક લોકશાહીની સ્થાપના વિના રાજકીય લોકશાહી અધૂરી છે.

## માર્ગદર્શક સિદ્ધાંતોના વિવિધ વિભાગો :-

### ૧, આર્થિક નીતિઓ સંદર્ભે સિદ્ધાંતો :-

- સૌ નાગરિક મહત્વ કલ્યાણ શ્રેય સધાય તે રીતે સમાજમાં ભૌતિક સંસાધનોની માલિકી અને અંકુશનું વિતરણ.
- સંપત્તિ ઉત્પાદનના સાધનોનું કેંદ્રીકરણ ન થાય તેથી અર્થવ્યવસ્થા રચવા પ્રયાસ.
- પુરુષો સ્ત્રીઓ સમાન કામ માટે સમાન વેતન.
- કામના સ્થળે કામદારોનું આરોગ્ય જળવાય તેવી માનવીય પરિસ્થિતિ.
- આર્થિક લાચારીથી બાળકોને કોઈ પણ શોષણ ન થાય.
- સ્ત્રીઓને પ્રસૂતિ સમયે જરૂરી રજાઓ, પ્રસૂતિ રજા ધારો, ગ્રેજ્યુઇટી ધારો, કામદાર રાજ્ય વીમા ધારો, બોનસ ધારો.
- સૌને રાજયમાં ન્યાય, સમાન તક, મફત કાનુની સહાય મળી રહે.

### ૨, સામાજિક નીતિ સંબંધિ સિદ્ધાંતો :-

- સમાજના પછાત વર્ગો, અનુસુચિત જાતિઓ, ( હરિજનો) અનુસુચિત જનજાતિઓ ( આદિવાસીઓ), સમાજના વંચિત સમૂહો, જેવા સમાજના નબળા વર્ગોના શૈક્ષણિક અને આર્થિક હિતોના ઉત્કર્ષ માટે રાજ્યે વિશેષ પ્રયાસો સામાજિક અન્યાય અને શોષણ માટે તેનું રક્ષણ.
- તમામ નાગરિકો સમાન દિવાની કાયદો ઘડવા ન્યાય વ્યવસ્થાનું સંચાલન.
- લગ્ન, છૂટાછેડા, ભરણ પોષણ, સગીર બાળકો, વસિતનામું એકસમાન કાયદા ઘડીને સામાજિક ન્યાય સ્થાપવા પ્રયત્નો કરવા.
- વૃદ્ધાવસ્થા, માંદગી, અપંગ અવસ્થા, વિષમ આર્થિક પરિસ્થિતી પ્રસંગે નાણાકીય અન્ય આવશ્યક મદદ મળી રહે તે માટે સરકારે અસરકારક જોગવાઈ કરવી.

### ૩, રાજકીય અને વિદેશનીતિ વિષયક સિદ્ધાંતો :-

- ગ્રામ પંચાયતોની સ્થાપના, સ્વરાજ્યના એકમ તરીકે કાર્ય જરૂરી સત્તા, અધિકારો- આર્થિક સહાય.
- ન્યાય તંત્રને અલગ અને સ્વતંત્ર પગલાં ભરવા, ન્યાયધીશો નિષ્પક્ષ, નીડર, નિર્ભીક રીતે ન્યાય ચૂકવી શકે.

- ➢ આંતર રાષ્ટ્રીય શાંતિ, સલામતી, ઉન્નતિ માટે રાષ્ટ્રો વચ્ચે ન્યાયી અને મન પૂર્વકના સંબંધો જાળવવા માટે કાયદા-લવાદ , શાંતિમય નિરાકરણ.

**૪, શૈક્ષણિક અને સાંસ્કૃતિક નીતિઓ સંબંધિત સિદ્ધાંતો:-**

- ➢ ૧૪ વર્ષની ઉમર સુધીના તમામ બાળકોને બંધારણના આરંભ થયાના ૧૦ વર્ષની અંદર મફત અને ફરજિયાત શિક્ષણ પ્રાપ્ત થાય એ માટે પ્રયાસ.
- ➢ રાષ્ટ્રના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસનું યોગ્ય જતન થાય તેવો ઉદ્દેશ.

**૫, આરોગ્ય વિષયક નીતિઓ સંબંધી સિદ્ધાંતો :-**

- ➢ લોકોનું આરોગ્ય અને પોષણ સ્તર સુધરે, રાજ્ય પ્રયાસ, જાહેર આરોગ્ય અને જન સુખાકારી.
- ➢ આરોગ્ય માટે હાનિકારક એવા કેફી પદાર્થો, પીણાં વગેરે પર રાજ્ય પ્રતિબંધ મૂકવાનો પ્રયાસ કરશે.
- ➢ ઔષધિના હેતુઓ સિવાય માદક પીણાં, ડ્રગ્સ અને નશાયુક્ત પદાર્થોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકશે.
- ➢ પર્યાવરણના રક્ષણ થાય એ માટે ખાસ પ્રબંધ રાજ્ય કરશે.

## સ્વાધ્યાય

- ❖ **ટૂંકનોંધ લખો.**

૧, સમાનતાનો હક-

૨,સ્વતંત્રતાનો હક

૩,ધાર્મિક સ્વતંત્રતાનો હક

- ❖ **યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

૧, કયું આચરણ સામાજિક કલંક ગણાય છે.

(અ) અસ્પૃશ્યતા (બ) બાળમજૂરી (ક) દહેજ પ્રથા (ડ) વહેમ અને અંધશ્રદ્ધા

૨, દર વર્ષે 10 ડિસેમ્બરને કયા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

(અ) માનવ ફરજ દિન (બ) મહિલા વિકાસ દિન (ક) સાક્ષરતા દિવસ (ડ) માનવ હક દિવસ

૩, કઈ ઉમરના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો અધિકાર છે.

(અ) ૬ થી ૧૪ વર્ષના (બ) ૩ વર્ષ સુધીના (ક) ૧૪ વર્ષથી ઉપરના (ડ) ૧ થી ૧૪ વર્ષના

૪, પ્રતિબંધિત અટકાયત હેઠળના આરોપીને કેટલા સમય સુધી અટકાયત હેઠળ રાખી શકાય છે.

(અ) ૨૪ કલાક (બ) ૬ માસ (ક) ૩ માસ (ડ) આજીવન